પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૧૪ | ૨૫ જાન્યુઆરી, ૨૦૧૭, બુધવાર ; પોષ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ગોવામાં નવી સરકાર મનોહર પરીકરના નેતૃત્વમાં રચાશે




ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે સોમવારે સાંજે ગોવામાં એવી જાહેરાત કરી હતી કે ગોવામાં ભાજપ બહુમતીમાં આવશે તો પૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્રિય સંરક્ષણ મંત્રી મનોહર પરીકરના નેતૃત્વમાં સરકાર રચાશે.

### શિવપાલ સપાના સ્ટાર પ્રચારક નહી



સમાજવાદી પક્ષ દ્વારા જાહેર કરાયેલ સ્ટાર પ્રચારકોની યાદીમાં મુલાયમસિંહ યાદવના ભાઈ અને સપાના પૂર્વ પ્રદેશ પ્રમુખ શિવપાલ યાદવનું નામ નથી. સોમવારે શિવપાલનો વીડિયો વાયરલ થતા રાજકીય વિવાદ સર્જાયો છે.

### જાણીતી અભિનેત્રી રીમી સેન ભાજપમાં



બોલીવુડની જાણીતી અભિનેત્રી રીમીસેને ભાજપમાં જોડાવવાની જાહેરાત કરી છે. સેને જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી મોદીથી તેઓ ખુબ પ્રભાવિત થયા છે.

### ઉત્તરપ્રદેશમાં ખાંડનું વિક્રમી ઉત્પાદન



ઉત્તરપ્રદેશમાં ૨૦૧૬-૧૭માં ૮.૧ મિલીયન ટન ખાંડનું ઉત્પાદન થશે. ગત વર્ષે ૭.૭ મિલીયન ટનનું ઉત્પાદન થયું હતું.

### રાહુલ-અખિલેશ ૧૪ રેલીઓ સંબોધશે



ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પક્ષ અને કોંગ્રેસના ગઠબંધનને પગલે અખિલેશ યાદવ અને રાહુલ ગાંધી સંયુક્ત રીતે રેલીઓ સંબોધશે. સાથોસાથ પ્રિયંકા અને ડિમ્પલ પણ સંયુક્ત રીતે પ્રચાર કરશે.

### બીએસસીનો ઈસ્યુ છલકાયો

બોમ્બે સ્ટોક એક્સચેન્જનો પબ્લીક ઈસ્યુ બીજા જ દિવસે ભરાઈ ગયો છે. ૧૨૪૩ કરોડનું ભરણું થયું છે.

# બે લાખ સુધીની હોમ લોન પર ૩ ટકા વ્યાજ સબસિડીને મંજુરી

**૮ ટકા રિટર્ન સાથે સિનિયર સિટિઝન માટે સ્કીમને કેબિનેટની મંજુરી : પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવરી નહીં લેવાયેલા તમામ પરિવારોના માટે સ્કીમ રહેશે : ઇએમઆઈ બોજ ઘટાડવાની સાથે આવાસમાં વધુ મદદ**

નવી દિલ્હી, તા.૨૪

ગ્રામીણ વિસ્તારોમાં સસ્તી આવાસ લોનની ખાતરી કરવા સાથે સંબંધિત યોજનાને લઈને આજે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. સરકારે બે લાખ સુધી આવાસ લોન ઉપર ત્રણ ટકા વ્યાજ સબસિડીને આજે લીલીઝંડી આપી દીધી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવરી નહીં લેવામાં આવેલા દરેક ગ્રામીણ પરિવારને આ વ્યાજ સબસિડી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આનાથી ગરીબ પરિવારના લોકોને સીધો ફાયદો થશે. તેમના ઈએમઆઈ બોજમાં ઘટાડો થશે. કેન્દ્ર સરકારે આજે તમામ એવા પરિવારો જેને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ આવરી લેવામાં આવ્યા નથી તેવા પરિવારો માટે બે લાખ રૂપિયા સુધી લોન ઉપર ત્રણ ટકા વ્યાજસબિસડીને મંજુરી આપી હતી. સરકાર ૨૦૨૨ સુધી તમામ લોકોને ઘરની ખાતરી કરવાના તેના મિશનને લઈને કટિબદ્ધ દેખાઈ રહી છે. વ્યાજ સબસિડીને લઈને છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. ગ્રામીણ વિકાસમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે આજે વાતચીતમાં કહ્યું હતું કે, સરકાર તેના મિશનને લઈને ખુબ જ કટિબદ્ધ છે. ગરીબ લોકો ઉપર માસિક ઈન્સ્ટોલમેન્ટ બોજને ઘટાડવાનો એકમાત્ર હેતુ નથી બલ્કે તેમના વર્તમાન આવાસના વિસ્તરણ અને નિર્માણમાં મદદરુપ થવા માટે પણ સરકાર ઈરાદો ધરાવે છે. તોમરે કહ્યું હતું કે, આનાથી ગ્રામીણ હાઉસિંગ સેકટરમાં રોજગારીની નવી તકો પણ સર્જાશે. મંગળવારના દિવસે એટલે કે આજે કેન્દ્રીય કેબિનેટે આ સ્કીમને મંજુરી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને નામ સંબોધનમાં આ મુજબની જાહેરાત કરી હતી. વડાપ્રધાનની જાહેરાતના એક મહિના બાદ કેબિનેટ દ્વારા સ્કીમને મંજુરી આપી દેવામાં આવી છે. વ્યાજ સબસિડી પીએમએવાય (જી) હેઠળ નહીં રહેલા દરેક ગ્રામીણ પરિવારને ઉપલબ્ધ રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# ટ્રમ્પ અને મોદી સાથેની વાતચીત પર વિશ્વની નજર

**બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા અને દ્વિપક્ષીય મુદ્દા પર મુખ્યરીતે વાતચીત : પ્રમુખ બન્યા બાદ ટ્રમ્પની ચાર લીડરોની સાથે વાત**



નવી દિલ્હી,તા. ૨૪

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આજે મોડી રાત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર સીધી રીતે વાત કરનાર છે. વ્હાઈટ હાઉસ દ્વારા આ મુજબની જાહેરાત કરી દેવામાં આવી છે. આજના ટ્રમ્પના કાર્યક્રમમા ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીતનો કાર્યક્રમ છે તેમ વ્હાઈટ હાઉસ દ્વારા કહેવામાં આવ્યુ છે. વોશિંગ્ટન ડીસીના સમય મુજબ એક વાગે અને ભારતીય સમય મુજબ રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ આ વાતચીત કરવામાં આવનાર છે. ૨૦મી જાન્યુઆરીના દિવસે વિશ્વના સૌથી શક્તિશાળી દેશ એવા અમેરિકાના પ્રમુખ તરીકે સત્તા સંભાળી લીધા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ હજુ સુધી ચાર વિદેશી લીડરોની સાથે વાતચીત કરી ચુક્યા છે. જેમાં કેનેડા અને મેક્સિકન વડાપ્રધાનનો સમાવેશ થાય છે. ૨૧મી જાન્યુઆરીના દિવસે ટ્રમ્પે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડેઉ અને મેક્સિકોના વડાપ્રધાન નિટો સાથે વાત કરી હતી. ટ્રમ્પે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુ સાથે વાતચીત કરી છે. ઈજિપ્તના પ્રમુખ અબ્દેલ સાથે પણ તેઓ વાતચીત કરી ચુક્યા છે.

આઠમી નવેમ્બરના દિવસે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવીને દુનિયાને ચોંકાવી દીધા બાદ મોદી સહિતના આ પાંચ નેતાઓએ સૌથી પહેલા ફોન કરીને ટ્રમ્પને અભિનંદન આપ્યા હતા. આક્રમક ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે જો તેઓ સત્તામાં આવશે તો આ પાંચ દેશો સાથે તેમના સંબંધ વધારે મજબુત કરવામાં આવનાર છે. ૧૫મી ઓક્ટોબરના દિવસે રિપબ્લિકન ઉમેદવાર તરીકે ડોનાલ્ડ ટ્રમ્પે એક હિન્દુ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને ભારતના ઝડપી ગ્રોથ રેટની પ્રશંસા કરી હતી. ભારતીય સમુદાયના લોકો આ વાતચીત પર ખાસ નજર રાખી રહ્યા છે.

# ખેડૂતોનું ૬૦૦ કરોડનું લોન વ્યાજ માફ

**કેબિનેટની બેઠકમાં મહત્વપૂર્ણ ખેડૂતલક્ષી નિર્ણય : કો-ઓપરેટિવ બેંકને લોન માટે વીસ હજાર કરોડ ઉભા કરવા નાબાર્ડને લીલીઝંડી : આઈઆઈએમને સ્વાયત્તા**

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રીય કેબિનેટે ઓછી અવધિના પાક લોન પર ૬૬૦.૫ કરોડ રૂપિયાની લોન વ્યાજ માફીની જાહેરાત કરી છે. આ માફી છેલ્લા નવેમ્બર અને ડિસેમ્બરના આંકડા ઉપર લાગૂ થશે. સહકારી બેંકો પાસેથી લોન લેનાર ખેડૂતોને આ જાહેરાતથી સીધો ફાયદો થશે. સરકાર સહકારી બેંકો ઉપરાંત વધારાના ફાયનાન્સ માટે નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ એટલે નાબાર્ડને પણ રકમ આપશે. આ નિર્ણયનો હેતુ નોટબંધીની મારનો સામનો કરી રહેલા ખેડૂતોને રવિ પાક માટે સરળ લોન આપવાનો રહ્યો છે. આ નિર્ણયથી સરકારી ખજાના ઉપર ૧૦૬૦ કરોડનો બોજ પડશે. સહકારી બેંકો વ્યાજ માફીનો ફાયદો નાણાંકીય વર્ષમાં પણ પહોંચાડશે. ખેડૂતો માટે લોન પર વ્યાજમાફી માટે વર્ષ ૨૦૧૬-૧૭માં જારી ૧૫૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવી ચુક્યા છે. કેબિનેટે ખેડૂતોને સસ્તી લોન ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્ય સાથે ૪.૫ ટકાના વ્યાજમાં કો-ઓપરેટિવ બેંકોને ઓન ધિરાણ માટે માર્કેટમાંથી ૨૦ હજાર કરોડ રૂપિયા ઉભા કરવાની મંજુરી આપી દીધી છે. નાબાર્ડ દ્વારા આની વ્યવસ્થા કરવામાં આવશે. મોદીએ ૩૧મી ડિસેમ્બરે કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. બીજી બાજુ કેન્દ્રિય કેબિનેટે આજે આઈઆઈએમને સંપૂર્ણ સ્વાયત્તાને પણ મંજુરી આપી હતી જેથી હવે આ લોકો ડિગ્રી આપી શકશે. આઈઆઈએમને હવે રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે ગણવામાંઆવશે.તેની પાસે વૈધાનિક સત્તાઓ રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠક આજે મળી હતી જેમાં આઈઆઈએમ બિલને લીલીઝંડી આપવામાં આવી હતી.

## પી-નોટ મૂડીરોકાણ ૪૧ માસની નીચી સપાટી પર

નવી દિલ્હી, તા.૨૪

પાર્ટીસીપેટરી નોટ (પી-નોટ્સ) મારફતે સ્થાનિક મૂડી માર્કેટમાં રોકાણનો આંકડો ડિસેમ્બર મહિનામાં ૪૧ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. આ આંકડો ડિસેમ્બર મહિનામાં ૧.૫૭ લાખ કરોડ સુધી થઈ ગયો છે. માર્કેટ નિષ્ણાતોના કહેવા મુજબ આ પ્રવાહ હજુ ચાલુ રહી શકે છે. કારણ કે, સેબી દ્વારા ધારાધોરણો વધુ કઠોર કરી દેવામાં આવ્યા છે. આ રુટનો ઉપયોગ ગેરકાયદે ફંડ પ્રવાહ માટે કરવામાં આવી રહ્યો છે

# શાહરૂખને જોવા ધક્કામુક્કી વેળા થયેલ મોત અંગે તપાસ માટે હુકમ

**રેલવે મંત્રી સુરેશ પ્રભુએ તપાસના આદેશ આપ્યા : ભાગદોડ અને ધક્કામુક્કીની ઘટનામાં એક વ્યક્તિનું મોત થયા બાદ સનસનાટી : લાઠીચાર્જ કરવા ફરજ પડી હતી**

અમદાવાદ, તા.૨૪

બોલીવુડ સુપર સ્ટાર શાહરુખ ખાન પોતાની રઈસ ફિલ્મ પ્રમોશન માટે વડોદરા આવ્યા બાદ ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. વડોદરા સ્ટેશન પર થયેલી ભાગદોડ અને ધક્કામુકીમાં એક વ્યકિતનું ગુંગળામણના કારણે મોત થયા બાદ સમગ્ર મામલામાં ખળભળાટ મચી ગયો છે. પોલીસ દ્વારા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. બીજી બાજુ હચમચી ઉઠેલા રેલવેમંત્રી સુરેશ પ્રભુએ પણ વડોદરામાં થયેલી નાસભાગની ઘટનાની નોંધ લીધી છે તથા રેલવે પ્રોટેક્શન ફોર્સના ડિરેક્ટર જનરલને સમગ્ર ઘટનાની તપાસ કરવાનો આદેશ આપી દીધો છે. શાહરુખ ખાને પણ આ બનાવની નોંધ લીધી છે અને મોતને લઈને દુખવ્યક્ત કર્યું છે. શાહરુખ ખાનને મળવા માટે આવેલા ક્રિકેટર યુસુફ પઠાણ અને ઈરફાન પઠાણ પણ કલાકો સુધી અટવાયા હતા. સ્ટેશન પર થયેલી ભાગદોડ અને ધક્કામુક્કીમાં એક વ્યક્તિનું ગૂંગળામણથી મોત થઈ ગયું હતું. જ્યારે બે પોલીસ જવાન સહિત ત્રણ લોકો બેભાન થઈ ગયા હતા. ભીડને કાબુમાં લેવા માટે પોલીસે કરેલા લાઠીચાર્જમાં ૫ લોકોને ઈજા પણ પહોંચી હતી. રેલ મંત્રી સુરેશ પ્રભુએ પ્રધાને ઘટના અંગે રેલવે પ્રોટેક્શન ફોર્સના ડાયરેક્ટર જનરલને સમગ્ર ઘટનાક્રમની તપાસ કરવાના નિર્દેશ આપ્યા છે. શાહરૂખખાનની એક ઝલક મેળવવા માટે લોકોએ ભારે ધક્કામુકી કરતાં પોલીસને અવારનવાર લાઠીચાર્જ કરવો પડ્યો હતો. અફરાતફરીના માહોલ વચ્ચે શાહરૂખે ટુંકુ સંબોધન કર્યું હતું. ધક્કામુક્કીના પગલે બે પોલીસમેન સહિત ત્રણ વ્યક્તિ ગૂંગળાઈ જવાથી બેભાન થઈ ગયા હતા. શાહરૂખને જોવા લોકોમાં ભારે ક્રેઝ જોવા મળ્યો હતો. સોમવારે રાત્રે અગસ્તક્રાંતિ રાજધાની ટ્રેનમાં ફિલ્મના પ્રચાર માટે જઈ રહેલા શાહરુખખાનને નિહાળવા માટે હજારો લોકો વડોદરા રેલવે સ્ટેશન પર ઉતરી પડતાં ભારે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. ભારે ધક્કામુકી થતાં ગૂંગળાઈ જવાના કારણે ફરીદ સેવાની ૪૫નું મોત થયું હતું. ૧૦ મીનિટ સુધી સ્ટેશન પર રોકાયેલા શાહરુખે કોચની બહાર આવી ચાહકોનું અભિવાન સ્વીકાર્યું હતું.




# અમદાવાદમાં જ્વેલર્સ પર આવકવેરાના દરોડા

**સેટેલાઈટ, માણેકચોક, સીજી રોડ સહિતના વિસ્તારોમાં દરોડા : વહેલી સવારથી દરોડાની કામગીરીમાં સેંકડો અધિકારીઓનો કાફલો જોડાયો : ઘણા જ્વેલર્સ દુકાન તેમજ શોરુમ બંધ રહ્યા હતા**

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદ શહેરના માણેકચોક, સીજી રોડ અને સેટેલાઈટ સહિતના વિસ્તારમાં આજે સવારથી જ જ્વેલર્સ સામે આવકવેરા વિભાગે આક્રમક કાર્યવાહી હાથ ધરી હતી. દરોડાની આ કાર્યવાહીથી જ્વેલર્સ અને બુલિયન કારોબારીઓમાં ખળભળાટ મચી ગયો હતો. કારોબારીઓ દુકાનો અને શોરુમ બંધ કરીને ઘણી જગ્યાએ ઘરે પણ જતા રહ્યા હતા. અમદાવાદમાં ૧૦૦થી પણ વધુ અધિકારીઓનો કાફલો આ ઓપરેશનમાં જોડાયો હતો. અમદાવાદની સાથે સાથે રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આ કાર્યવાહી જારી રહે તેવી શક્યતા છે. મોટા જ્વેલર્સમાં ચિંતાનું મોજુ ફેલાઈ ગયું છે. વિસનગરમાં સોના-ચાંદીના હોલસેલરના ત્યાં પણ કાર્યવાહી કરાઈ છે. તમામ દસ્તાવેજો, લેપટોપ, મોબાઈલમાં તપાસ કરવામાં આવી હતી. શહેરના અનેક જ્વેલર્સ સહિત બુલિયન માર્કેટમાં આઈટી વિભાગનું મૈગા ઓપરેશન શરૂ થતાં ઝવેરી બજારમાં ફફડાટ ફેલાયો હતો. નોટબંધી પછી રદ થયેલી ૫૦૦-૧૦૦૦ની નોટો દ્વારા મોટાપાયે થયેલી સોના-ચાંદીની ખરીદીના વ્યવહારોની ચકાસણી માટે આવકવેરા વિભાગના ૧૦૦થી વધુ અધિકારીઓ સર્ચ ઓપેરશનમાં જોડાયા છે. તપાસ દરમિયાન કરોડોની કિંમતના બેનામી વ્યવહારો ઝડપાય તેવી સંભાવના છે. ૮મી નવેમ્બરે નોટબંધીની જાહેરાત થયા બાદ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટોના કરોડોના કાળા નાણા સોનામાં ફેરવવા માટે લોકોએ જ્વેલર્સને ત્યાં દોટ મુકી હતી. સેટેલાઈટ, સીજીરોડ, આંબાવાડી અને માણેકચોકના કેટલાક જાણીતા જ્વેલર્સે આખી રાત ગ્રાહકોને પાછલા બારણે એન્ટ્રી આપીને કરોડોના સોનાના ઘરેણા ઊંચા ભાવે વેચી રોકડી કરી હતી. કાળા નાણાંને ધોળા કરવા માટે



● અનુસંધાન પાન-૭ પર

પગરવ
મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ અને આઈ.સી.યુ.

પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે યોજે છે
વિનામૂલ્ય મેગા નિદાન કેમ્પ
જેમાં નીચે મુજબના તમામ નિષ્ણાંતો તેમની સેવાઓ આપશે...

ફિઝીશીયન | ઓર્થોપેડીક | જનરલ સર્જન | ગાયનેક | પિડીયાટ્રીક
ઓપ્થેલ્મોલોજી (આંખ વિભાગ) | ફિઝીયોથેરાપી | ડેન્ટલ | ઈ.એન.ટી. (કાન, નાક, ગળા વિભાગ માત્ર ૧૨/૨/૨૦૧૭ તારીખે)

કેમ્પમાં નીકળતા દરેક પ્રકારના ઓપરેશન તથા ટેસ્ટ રાહતદરે* કરવામાં આવશે. જેમાં...
- ઢીંચણના સાંધા બદલવાના ઓપરેશન ૯૫,૦૦૦/- થી પેકેજ શરૂ
- મોતીયાના ઓપરેશન ૮,૦૦૦/- થી પેકેજ શરૂ
- ગર્ભાશયની કોથળીના/સિઝેરીયન ઓપરેશન ૨૦,૦૦૦/- થી પેકેજ શરૂ
- સારણગાંઠના ઓપરેશન ૨૦,૦૦૦/- થી પેકેજ શરૂ
- પથરીના ઓપરેશન ૨૦,૦૦૦/- થી પેકેજ શરૂ

ગુરૂવાર ૨૬-૧-૨૦૧૭ અને રવિવાર ૧૨-૨-૨૦૧૭ સવારે ૯ થી ૧૨.૩૦

- બ્લડ સુગર ~~૪૦/-~~ ૨૦/-
- કાર્ડિયોગ્રામ ~~૨૦૦/-~~ ૫૦/-
- એક્સ-રે ~~૪૦૦/-~~ ૨૦૦

વિના મૂલ્યે
- હાડકાંની મજબુતાઇની તપાસ (BMD)
- ફેફસાંની તપાસ (PFT)
- ચશ્માનાં નંબરની તપાસ
- નોન કોન્ટેક્ટ ટોનોમીટર દ્વારા ઝામરની તપાસ અને નિદાન

- દાંતને લગતી તમામ સારવાર ઉપર ૨૦% રાહત
- પેથોલોજીના તમામ રીપોર્ટ ઉપર ૨૦% રાહત
- ફાર્મસી દવાઓ ઉપર ૧૦% રાહત
- ચશ્માની ખરીદી ઉપર ૨૦% રાહત

રજીસ્ટ્રેશન માટે ફોન: ૮૯૮૦૮ ૦૯૭૫૩ / ૫૪

પગરવ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ અને આઈ.સી.યુ.
૫૧૨/૧, ગ-૬ નજીક, ચોવીસ ચાર રસ્તા, એસબીઆઈ સામે,
સેક્ટર-૨૩, ગાંધીનગર-૩૮૨૦૨૩. ફોન : +૯૧ ૮૯૮૦૮૦૯૭૫૩ / ૫૪
૨૪x૭ અકસ્માત સારવાર, ઈમરજન્સી, ફાર્મસી, પેથોલોજી લેબ




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય